

## સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*તૂટી-ખૂટી છે સરકાર, કેશ-લેસ થઈ ગયા!*
*ફૂટી છે કમીશને બેન્કો કેશ લેસ થઈ ગયા!*
*ને પ્રજા મધ્યમ વર્ગની, કેશ લેસ થઈ ગયા!*
*ઉંધે અસ્રે થયું મૂંડન, 'કેશ' લેસ થઈ ગયા!*

હાઈકુ

*નવી નોટોની*
*થાય છે હેરફેર -*
*દારૂની જેમ...*
*(ભાજપ-મીલી ભગત?!)*

*ધોળાં નાણાંની*
*થાય હવે ખરીદી -*
*કાળાં નાણાંથી...*
*(બેન્કોની મીલીભગત?!)*

### ચિંતન

**સુસિદ્ધમૌષધં ધર્મ ગૃહચ્છિદ્રં ચ મૈથુનમ્ ।**
**કુભુક્તં કુશ્રુત્ ચૈવ મતિમાન્ન પ્રકાશયેત્ ॥**

ઉપરોક્ત સાખી ચાણક્યમેન્ટમાંથી લેવામાં લેવાયેલ છે.

'બુદ્ધિશાળી વ્યક્તિએ પોતે શોધેલી ઔષધિની બનાવટ, પોતાના અંગત ધાર્મિક કર્મકાંડ, ઘરના દોષ, સ્ત્રી સાથે સંભોગ, અખાદ્ય ભોજન અને સાંભળેલા નિંદા ભરેલા વેણ કોઈની આગળ કહેવા ન જોઈએ.'

કેટલીક બાબતો છાની જ રાખવી હિતાવહ છે. ઉપર જણાવેલ બાબતો અત્યંત સંવદેનશીલ બાબતો છે. ભૂલેચૂકે આ બધી બાબતો જગજાહેર થઈ ગઈ તો તમારે એના માઠાં પરિણામો ભોગવવા તૈયાર રહેવું પડશે. અમુક ગોપનીય રહસ્ય કયારેય ખોલવાં નહીં, એથી તમને પોતાને જ નુકસાન થવાની શક્યતા રહે છે.

બુદ્ધિશાળી વ્યક્તિ હમેશાં વિચારપૂર્વક - જરૂરી હોય ત્યારે અને ત્યાં જ બોલે છે - જીવનમાં સદાય બોલવા કરતાં ન બોલવામાં વિશેષ ફાયદા છે. બાંધી મુઠી લાખની, 'ન બોલવામાં નવ ગુણ.' એ બૌદ્ધિકોની અનુભવ વાણી જ છે.

### સુવિચાર

- ધર્મની શરુઆત કાલે કરશો તો ચાલશે, પણ અધર્મનો આજે જ ત્યાગ કરી દો - **ડોંગરેજી**
- જિંદગી ખુલ્લી અને ભક્તિ ગુપ્ત રાખવી જોઈએ - **મોરારિ બાપુ**
- દુષ્ટ માનવીને જયારે સારા હોવાનો ઢોંગ આચરવો પડે ત્યારે સમજવું કે આ જગતમાં ભલમનસાઈની જીત થઈ છે - **ડો. સ્વામી રામતીર્થ**
- તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મનનું ઘડતર એટલે શિક્ષણ - **એરિસ્ટોટલ**
- પ્રસન્નતા આત્માનું સ્વાસ્થ્ય છે અને ગમગીની આત્માનું ઝેર છે - **નિત્સે**
- સાચી બાબતનો વિરોધ ન કરવાથી વિશ્વમાં દુર્જન માણસોને નકામી શક્તિ મળે છે - **એરિસ્ટોટલ**
- જે અન્યમાં ભયનો સંચાર કરે છે, તો પોતે પણ હંમેશા ભયથી આતંક્તિ હોય છે - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : તાંદળજાના મૂળ વાટીને ચોખાના ઓસામણમાં પીવાથી સગર્ભાને રક્તસ્રાવ મટે છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

સાચા સાધુ સંતો મનના મનોભાવ અને આંખના અણસાર સાથે હૃદયના ભાવની ભાષા વાંચી લેતા હોય છે. એમને સામેની વ્યક્તિની વર્તણૂક પરથી જ તેના વિચાર જાણી લેતા હોય છે.

સ્વામી દયાનંદે એક બ્રાહ્મણ રસોઈયો રસોઈ માટે રાખ્યો હતો - ઉચ્ચ જ્ઞાતિનો હતો. એને ત્યાં એમનો જ એક ખટપટી સગો આવ્યો અને સ્વામી વિશે કાનભંભેરણી કરવા લાગ્યો. કહ્યું, આપણે ઉચ્ચ જ્ઞાતિના છીએ - પહેલાં ભોજનનો હક આપણો થાય - સ્વામીને પછી જમાડવા જોઈએ. જ્ઞાતિજનોને જો આ વાતની જાણ થશે તો તને 'નાત બહાર' મૂકાવું પડશે. રસોઈયો ભીરૂ હતો. ગભરાયો.

ત્યાં સ્વામીજી સ્નાન કરી બહાર આવ્યા અને પાણીની ચોકડીમાં જ બહાર બેઠા કહ્યું - મહારાજ તમે જમવા બેસો અને મારી તાળી પીરસી મને અહીં જમવા આપો!

રસોઈયાને આશ્ચર્ય થયું પૂછ્યું - અહીં કેમ ? સ્વીમીજી કહે - મારે કારણે તમારે નાત બહાર ન થવું પડે એટલા માટે! બંનેને ખૂબ આશ્ચર્ય થયું. સ્વામીજીએ આ વાત જાણી તેના પગ પડી માફી માગી.

# કાળા નાણાં સામેની લડાઈમાં પારદર્શકતા અનિવાર્ય

દેશમાં કાળાં નાણાંના ભંડારો પકડાયા જાય છે. દિલ્હીના ગ્રેટર કૈલાસમાંથી ૧૩ કરોડની જુની-નવી ચલણી નોટો પકડાઈ. ચેન્નાઈમાંથી પણ એવા જ મોટા જથ્થાની નવી નોટો પકડાઈ. જયપુરમાં સહકારી બેંકની તપાસમાં પણ દોઢ - બે કરોડની નોટો પકડાઈ. દેશની ૫૦૦થી વધુ બેંકોમાં સ્ટીંગ ઓપરેશન કરાયા. આમ આ સમાચારો કાળાં નાણાં સામેની લડાઈ સામે આશાસ્પદ ગણાવાય છે. આ તો શરુઆત છે. જુની નોટો નવી નોટોમાં કેવી રીતે ફેરવાઈ એ સવાલ તો હજુ દેશવાસીઓને મુંઝવે છે. ચાર-ચાર હજારની નોટો બદલાવવા લાઈનોમાં ઊભેલો દેશ કરોડો રૂપિયાની નવી નોટો એક સાથે નીકળે છે ત્યારે આઘાત લાગે છે. કોણ - કેવી રીતે અને કયારે નોટો બદલવાની કામગીરી કરી હશે, એ હજુ રહસ્ય છે. હા, તપાસ થશે, થોડા નામો પણ ખુલશે. એમાં વિરોધીઓના જ નામો હશે. અને વિરોધપક્ષોની બોલતી બંધ કરાવવાની પેરવી પણ કરાશે. આ સ્વાભાવિક પ્રક્રિયા આગામી દિવસોમાં થશે એના એંધાણ વર્તાય છે.

કાળાં નાણાં સામેની લડાઈમાં કેટલી સફળતા મળશે એ તો સમય જ કહેશે. અર્થશાસ્ત્રના વિદ્વાનોના મત અનુસાર ૧૫ થી ૧૮ ટકા કાળું નાણું બહાર આવશે. બાકીનું શું થશે એ ચર્ચાનો અને ચિંતાનો વિષય છે. લાખ્ખો-કરોડો દેશવાસીઓ દિવસોના દિવસો સુધી પોતાના નાણા માટે લાઈનમાં ઊભા રહેવાનું તપ કર્યા બાદ પણ આટલું જ પરિણામ મળશે? 'ખોદ્યો ડુંગર અને નીકળ્યો ઉંદર' જેવો ઘાટ અનુભવાશે. આ મત અર્થશાસ્ત્રીઓનો છે. પરંતુ રાજકીય લાભ ખાટવા શાસકો ૧૫ ટકાને ૧૫૦ ટકા જેટલી સફળતા પ્રચાર માધ્યમોથી રજૂ કરી છવાઈ જશે એમાં બે મત નથી, વાહ વાહ મેળવવામાં નિર્પુણ શાસકો પ્રચાર માધ્યમનો ભરપૂર ઉપયોગી કરી દેશને આંજી નાખશે. એનું પરિણામ કદાચ આજે નહિ દેખાય પરંતુ આવનારા દિવસોમાં અનુભવાશે. કાળાં નાણાંને નાથવાના પ્રયાસો આવકારદાયક જ હોય અને હોવા જોઈએ. પરંતુ તે પ્રામાણિક અને પાદર્શક હોવા જોઈએ, નિષ્પક્ષ હોવા જોઈએ. વ્હાલા-દવલાની નીતિથી પર હોવા જોઈએ. તો જ અર્થવ્યવસ્થાને શુદ્ધ કરવાનો યજ્ઞ સફળ બની શકે છે.

છેલ્લા ૩૪ દિવસથી ચોરે ને ચૌટે ચર્ચાતો સવાલ એક જ છે કે કાળાં નાણાં નિયંત્રિત કરી શકાશે? આટઆટલા પગલા પછી પરિણામ કેવું હશે એનો ભેદ હજુ વણઉકેલ્યો રહ્યો છે. દેશમાં ટેકનોલોજીનો ઉપયોગ મહત્તમ થાય એ વિકાસનું પ્રાથમિક પગથિયું છે. પરંતુ નિરક્ષણ ગ્રામીણ વિસ્તારોમાં પથરાયેલો દેશ કેશલેસ કે ડિજિટલ ઈન્ડિયાના સ્વપ્નને કેવી રીતે સાકાર કરી શકશે એ કઠિન સવાલ છે. આમ છતાં થતા પ્રયાસોમાં પણ પ્રામાણિકતા આવે તો થોડું ઘણું પણ નક્કર પરિણામ મેળવી શકાય. પક્ષીય રાજકારણથી પર ઉઠીને દેશના હિતને અગ્રતા અપાય તો નોટબંધીના ફાયદા આમઆદમી સુધી પહોંચાડી શકાય. પણ અમારી પાસે છે એ નાણાં ધોળા છે અને બીજાની પાસે છે એ નાણાં કાળા છે. આ ભાવ સાથે કરાતા પ્રયાસ કદાચ બૂમરેંગ થાય પણ ખરા. હજુ ૧૭ દિવસ બાકી છે. પ્રધાનમંત્રીને વિશ્વાસ છે કે પરિણામ સુધી પહોંચી શકાશે. પણ તંત્ર ડગુમગુ છે અને વાસ્તવિકતા તો જોજનો દૂર છે. કપરા દિવસોનાં એંધાણ આજની વાસ્તવિકતા પરથી વર્તાય છે. હજુ થાગડથીગડ પ્રયાસો થાય છે. રોજ નવા થિગડા મરાય છે. નક્કર આયોજનના અભાવે સારો નિર્ણય પણ વગોવાય છે. વિશ્વાસની કટોકટી ઊભી થાય એ પહેલા લોકસભાના માધ્યમથી સરકાર અને વિરોધ પક્ષો પ્રજાને વૈચારિક અને વાસ્તવિક પારદર્શતાનો અનુભવ કરાવે. સંસદ જ ચાલતી ન હોવાથી પ્રજાનો વિશ્વાસ ડગતો જાય છે, આક્ષેપો અને પ્રતિઆક્ષેપો છોડી બધા જ પક્ષો દેશને સાચુ નેતૃત્વ પૂરું પાડે એ આવશ્યક છે.

*તંત્રીસ્થાનેથી...*

# એક વાચકનો અપ્રકાશિત પત્ર



અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

દરેક વ્યકિતને પૂરતો અધિકાર છે કે એણે શું ને કેવી રીતે કરવું. એમાંય સર્જક લેખક શું લખશે અને કોના વિશે લખશે અથવા કયા વિષયને લઈને શરૂઆત કરશે એની પૂરી સ્વતંત્રતા લેખક ધરાવે છે.

સમાજ ઘડતરની જવાબદારી જો લેખક/સર્જક પર હોય તો લખેક પક્ષે પૂરી સભાનતા અને જવાબદારીની અપેક્ષા અસ્થાને નથી જ. લેખક જયારે કોઈ એક પક્ષ કે એક વ્યકિતને જરૂર કરતાં વધુ મહત્ત્વ આપી દે છે કે એ નામ વાચકોને ઉડીને આંખે વળગે છે. આ ત્યારે જ સંભવ છે કે જયારે તમે વાચકોનો બહોળો વર્ગ ધરાવો છો. વાચકોની તમારી પાસે તટસ્થતાની અપેક્ષા છે અને હોય તે સ્વાભાવિક છે.

જયારે ગુણવંતી ગુજરાતના સત્વશીલ ગુણવાન લેખકો કોઈ એક વિચારધારામાં ઢળી પડે છે ત્યારે વાચકો પારાવાર દુઃખ અનુભવે છે. અહીં ધ્યાન રહે કે લેખક પોતાના વિચારો રજૂ કરી શકે છે પરંતુ વાચકને તે તક નથી. અને એકલ દોકલ વાચક વિરોધ કરવાની હિંમત કરે તો પણ તમને અસંમત થવાની છૂટ છે. અમે કહીને બોલતી બંધ કરવાની જૂની પ્રથા ચાલી આવે છે.

કદાચ પુનઃકથનનો દોષ સ્વીકારીને પણ કહેવું પડશે કે લેખક/સર્જકની જવાબદારી સમાજને સાચા રસ્તે લઈ જવાની છે. ઘટનાનું સાચુ દર્શન કરાવવાની છે. તમે સત્વશીલ છો, તેથી લોકો-વાચકો તમારા વિચારને તમારા લખાણને ચાહે છે. તમને ખૂબ પ્રેમ કરે છે. વર્ષોથી તમારી કલમને પીછાણે છે. જયારે તમે કોઈ એક વ્યકિત અથવા પક્ષ કે વિચારધારાની પ્રશંસા (ભાટાઈ?) કરો છો ત્યારે વાચક દુઃખી થાય છે.

શાસક પક્ષ સાથે કે વિરોધપક્ષ સાથે લેખકના સંબંધો હોય તે સ્વાભાવિક છે. વ્યકિતગત રીતે તે કોઈ એક પક્ષે ઢળી પડે તો વાચકોને જરાય વાંધો ન હોય. પરંતુ ઢળી પડવાનો આ વિચાર લેખકના લખાણમાં પ્રતિબિંબિત થાય તે વાચકને મંજૂર નથી.

જયારે લેખકનું લખાણ પ્રકાશિત થાય છે ત્યારે તેનું પોતાનું ન રહેતાં સમગ્ર સમાજનું થઈ જાય છે. પ્રિન્ટ મિડીયાની સાથે સાથે ઈલેકટ્રોનીકસ મિડિયાની પણ મોટી જવાબદારી છે. એ જેવું અને જેટલું બતાવશે તેવું અને તેટલું લોકો જોશે. એ જેટલું બોલશે તેટલું અથવા તેથી ઓછું લોકો સાંભળશે. દેશવાસીયો સારી કરતાં સાચી વાત જાણે એ જરૂરી નહિ બલ્કે અનિવાર્ય છે. લોકવાયકા એવી છે કે ઉપર લેવલે બધુ મેનેજ થઈ જતું હોય છે. આ વાતમાં કેટલું સત્ય છે એ તો ભગવાન જાણે! પરંતુ વાચક કે પ્રેક્ષક પ્રત્યે મિડિયાની સૌથી મોટી જવાબદારી છે.

"હર એક કો અપની દુકાન ચલાની હૈ" એ સિધ્ધાંતને સ્વીકારીએ તો પણ કોઈ એક પલ્લામાં બેસી ગયેલા ખુલ્લા પડી જ જાય છે.

સમાજને ઘડવાની, સંસ્કારવાની અને સાચી માહિતી પૂરી પાડવાની જવાબદારી મિડિયાની છે. તેણે કોઈપણ જાતના પ્રલોભન વગર આ જવાબદારી પ્રામાણિકપણે નિભાવવી જ રહી.

**લિ.**
**એક સુજ્ઞ વાચક**

**મિસરી**

દરેક યુગમાં ભિષ્મ અને દ્રોણનું મૌન હંમેશા અકળાવનારું રહયું છે.

- santoshdevkar03@gmail.com

# 'ભાવ' કરાવવામાં આપણે ભાવવિહોણા થઈ રહ્યા છીએ કે શું?



વિચારયાત્રા
ડો. જય ઓઝા

દરેક શહેરમાં શાકમાર્કેટ હોય છે. ત્યાં રોજ આવી ઘટનાઓ બનતી હોય છે જેની આજે આપણે વાત કરવી છે... નજીકના ગામડાઓમાંથી કે શહેરની બાજુના પરામાંથી શાક વેચવા વાળી મહિલા સૂંડલામાં શાક વેંચવા આવતી હોય છે... કોઈ એક તેની લારીના નીચેના ભાગમાં કપડું બાંધીને નાનકડા બાળકને ઝૂલાવતા ઝૂલાવતા પેટીયુ રળવા નીકળે છે... સવારથી જ જુદી - જુદી પ્રકૃતિવાળા ગ્રાહકો શાકભાજીના મોલભાવ કરતા મળે રાખે છે... અને ભાવ-તાલ કરાવવામાં ગરીબ કે તવંગર જેવી કોઈ કેટેગરી નથી હોતી... અમીર પણ ભાવતાલ કરીને જ વસ્તુ લે પછી જ તેમને સંતોષ થાય છે... રીંગણા તો શિયાળામાં ખૂબ સસ્તા જ મળવા જોઈએ - તેવો શાસ્ત્રાર્થ કરતા નજરે ચડે છે... પેલી શાકવાળી પણ ગામડામાંથી ઉઠાવીને ભાર વહન કરીને લાવેલી શાકભાજી સાંજ સુધીમાં કેવી રીતે ખાલી થાય તેવી જ ઈચ્છા રાખતી હોય છે...

અને તેની આ ઈચ્છા બપોર પછી તો ગહન ચિંતામાં પરિવર્તિત થઈ જાય છે. આથી જયારે બપોર પછી કોઈ શાણો અને ભાવતાલ કરાવવામાં પોતાને 'એક્કો' સમજતો 'બિરાદર' શાકવાળીની આ વિવશતાને તેના ચહેરા પર વાંચી લઈને મોકો મળેલો સમજીને તળીયાના ભાવમાં શાકભાજી લઈને 'જંગ જિત્યા' ના વ્હેમમાં ઘરે જાય છે... શાકવાળી પણ પોતાની વિવશતાને ખાલી થયેલી લારી અથવા સૂંડલાને જોઈને આશ્વાસન મેળવતી પાછી જાય છે.

ગણેશ ચતુર્થીનો સમય હોય અને ચાર રસ્તા ઉપર ગણેશની મૂર્તિ વેચવા વાળી મળી જ જાય છે... ૧૦૦/- રૂપિયા જ મૂર્તિનો ભાવ કહ્યો હોય અને સામે વાળા ખરીદનાર મહાશય રીતશર ૫૦/- રૂપિયામાં આપવી હોય તો આપ કહીને મૂર્તિ વેચનારને અચંબિત કરી દે છે, ઉપરના પ્રસંગની જેમ વિવશતાના કારણે છેલ્લે ૭૦/-ની આસપાસ 'ડીલ ડન' થાય છે.

સહુથી વધારે કરૂણાસભર દશ્ય તો એસ.ટી. સ્ટેન્ડ અથવા રેલવે સ્ટેશન પર સર્જાય છે... જયારે આપણી સાથેનો કોઈ સહપ્રવાસી બે જ મિનિટ માટે ઊભી રહેતી બસ કે ટ્રેનમાંથી બેઠા બેઠા પાણીનો ગ્લાસ કે કોઈ ખાદ્યવસ્તુ ખરીદે અને પછી બે-રૂપિયા કે પાંચ રૂપિયાની માટે બસ-ટ્રેન ચાલુ થઈ જાય ત્યાં સુધી પેલાને પૈસા ન આપે... પેલો વ્યક્તિ રીતસર ટ્રેન કે બસ ચાલતી હોય તેની પાછળ દોડીને બે-પાંચ રૂપિયા માટે ઓશિયાળા વૃત્તિ કરે છે... અને બસ કે ટ્રેનમાં બેસનાર વ્યક્તિ તેને દોડાવવાનો વિકૃત આનંદ લેતો હોય છે... આપણામાંના દરેકની આ વાત નથી પરંતુ આવી હૃદયદ્રાવક ઘટનાના આપણે સાક્ષી તો કયારેક ને કયારેક જરૂર બન્યા હોઈશું.

'ભાવ-તાલ' કરાવવો જોઈએ તેમાં ખોટું નથી પરંતુ સામા માણસની લાચારીને વટાવી ખાવી એ તો સાલુ નાલેશીજનક કૃત્ય જ છે...

ઘણીવાર ઘર પાસેથી લારીવાળો નીકળે એટલે લેવું હોય કે ન લેવું હોય વગર કારણે ઘણી સુશિક્ષિત મહિલાઓ બપોરના સમયના 'ટાઈમ પાસ' બતાવવા દરેક ફેરિયાને રોકે છે... અને લેવું નથી જ એ વાત નક્કી હોવાના કારણે નકામી પડપૂછ કર્યા પછી છેલ્લે ૧૦૦૦/- રૂપિયાની વસ્તુનો ૧૦૦/- રૂપિયા કહીને અશક્ય ભાવ કહીને ફેરિયાનો સમય વેડફે છે... આવા ચોવટીયા માણસોનો પણ અભાવ તો નથી જ ને!

અને આનાથી બિલકુલ વિપરીત બાજુ પણ છે... મોલમાં જઈએ કે સુપર માર્કેટમાં જઈએ ત્યારે ત્યાં પ્રિન્ટેડ કિંમતમાં કોઈ જ ફેરફાર કરાવી શકતા નથી... પોઈન્ટ પેસામાં પણ જે કિંમત હોય તે આપવી પડે છે... મોટી દુકાનવાળા છૂટા રૂપિયાની બદલે ચોકલેટ પકડાવી દે તો પણ આપણે મૂંગા મોઢે લઈ લઈએ છીએ...

દાગીના બનાવવાનો ચાર્જ વધુ લેવાઈ રહ્યો છે તે જાણતા હોવા છતાં ત્યાં કોઈ જ જીભાજોડી કરતા નથી... સોનું ઘરેણા કરવા જઈએ અને પૈસા ઓછા કરાવીએ તો તો આપણે શું વેલ્યું રહે ?

કાર લેવા જઈએ છીએ ત્યાં પણ આપણે મૂંગા મોઢે લાખો રૂપિયાની કાર લઈને પોરસાતા પોરસાતાં ઘરે આવીએ છીએ.

પર્સનલ લોન, હોમ-લોન કે ઓટો લોન લેવાની હોય ત્યારે ફાઈલ પ્રોસેસીંગ ફી કે એક-યા બીજા બહાને રૂપિયા વેરીને આવીએ છીએ... ત્યાં તો આપણો વટનો કટકો ચડાવેલો જ રાખીએ છીએ...

દસ-વીસ કે ૧૦૦ રૂપિયાની વસ્તુ લેતી વખતે નાના અને રોજનું રોજ કમાતા માણસને ઓછા રૂપિયા આપીને આપણે પોતાને 'તીસમારખા' સમજીએ છીએ, એવા જ આપણે હજારો અને લાખો રૂપિયાની વસ્તુઓ ખરીદતી વખતે ચૂપચાપ આવી જઈએ છીએ... અરે ! મોટા શૉરૂમ કે મૉલમાં તો ભાવ-તાલ કરાવીએ તો કેવા લાગીએ ! એવા ખોટા મોભાને સાચવતા કરવાનું પરંતુ, નાના માણસની રેવડી દાણા-દાણ કરીને તેને ઓછા રૂપિયા પરખાવીને કોણ જાણે પોતાને શું મોભો અને રૂતબો વધારતા ફરીએ છીએ ?...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# સંબંધો ક્ષણિક આવેગ કે આવેશના મોહતાજ નથી હોતા



અજવાળું - અજવાળું
તુષાર જોશી

'જુઓ કાકા, આ ઈનલેન્ડ લેટરમાં આપનું નામ પૂજ્ય સંબોધન કરીને લખ્યું છે અને સાથે સાથે તથા આપનો પરિવાર એમ પણ લખ્યું છે, હવે આમાં ખોટું ન લગાડવાનું હોય, આપ જેને પોતાનો પરિવાર માનતો હો એ તમામને લાવી શકો...'

યજમાન પરિવારના પારિવારિક અને અંગત મિત્ર હેમંત બહારગામથી આવેલા વડિલને કહ્યું ત્યારે થોડી વાર સહુ સ્તબ્ધ થઈ ગયા.

૧૯૮૦ના દાયકાનો એ સમય. ગામમાં એક મધ્યમ વર્ગીય પરિવારમાં દીકરીના લગ્નનો અવસર હતો. પરિવારને સગાઓ અને એથી વધુ વ્હાલાઓ એટલે કે પ્રિયજનો અને મિત્રો સાથે દાયકાઓનો ખુબ સારો પ્રેમાળ સંબંધ. શનિ-રવિ રજાઓમાં કે તહેવારોના દિવસોમાં એમના ઘરે મિત્રો-સગાઓનો મેળાવડો જ હોય. સહુ એકબીજા સાથે હળે-મળે-ધમાલ-મસ્તી કરે અને ભોજન કરી છુટ્ટા પડે. સુખ-દુઃખના પ્રસંગે ૨૪ કલાક કોઈ પણ ગણતરી કે તર્ક વિના સતત સાથે રહે એવા મિત્રો આ પરિવારને મળ્યા હતા. યુવાન દીકરી-દીકરીના મિત્રો એટલે જાણે ઘરના જ છોકરાઓ...

પરિવારમાં દીકરીના લગ્ન હતા એટલે શ્રેષ્ઠ રીતે પ્રસંગ ઉજવવાના સહુના મનોરથ હતા. તૈયારીઓ પણ તે સમયના સામાજિક વ્યવહારો અને પરિવારની આર્થિક પહોંચને ધ્યાને લઈને બરાબર કરી હતી. સામાન્ય રીતે લખવામાં આવતી કંકોત્રીના બદલે ઈનલેન્ડ લેટરમાં લાલ કલરની શાહીથી હસ્તલિખિત આમંત્રણ તૈયાર કરાયા હતા. સ્વજનો-સગા-વહાલા અને મિત્રોને સીધી-સાદી ભાષામાં લખાયેલું આ નિમંત્રણ સમયસર મળી ગયું હતું અને સહુને ગમ્યું પણ હતું. સહુને આત્મીયત સ્વજન રૂપે સંબોધન કરીને પુરા માન-સન્માન તથા પ્રેમ સાથે અગાઉથી પત્રો લખાયા હતા.

મંડપ મુહુર્તના દિવસે સવારે સહુ મહેમાનો બહારગામથી આવી રહ્યા હતા. પરિવારમાં લગ્નનો અવસર એટલે ઉલ્લાસમય વાતાવરણ હતું.

દીકરીના એક કાકાને પણ નિમંત્રણ પાઠવાયું હતું. એમાં એમના નામ સાથે એમના પત્નીનું નામ લખ્યું ન હતું પરંતુ પુરો પરિવાર એમ તો લખાયું જ હતું. કાકા આવ્યા ત્યારથી જ ઉચાટમાં હતા - સહુએ પુછ્યું કે કાકી કેમ નથી આવ્યા એટલે એમણે સીધો જ પેલો પત્ર બધાને બતાવ્યો કહે 'કાકીને તો નિમંત્રણ જ નથી, કયાંથી આવે?' હવે વાત વિસ્તરતી ગઈ. કેટલાયે ટાઢા ઢોળ્યા તો કેટલાકે આવું તો હોતું હશે કહી વાતને પવન આપ્યો. દીકરીના બાપ પાસે વાત પહોંચી તો એ રડી પડ્યા કે 'મારી ભૂલ થઈ હશે પણ ઈરાદો શુદ્ધ હતો અને એમના પુરા પરિવારને નિમંત્રણ છે... અમારી લાગણી જરા વધુ વિશાળ હતી... છતાં નામનો જ મોહ હોય તો ભૂલ ગઈ લઉં' કહી એમણે માફી માંગી... એમના ઘરે ફોન જોડીને લાગણી વ્યક્ત કરી પ્રસંગને શોભાવવા આવી જવા કહ્યું. પરંતુ પેલા સ્વજન માન્યા નહિ. આખરે વાત એમના પારિવારિક મિત્ર હેમંત સુધી આવી. ઘટનાક્રમનો પુરો અભ્યાસ કરીને એ વડિલ પાસે પહોંચ્યો.

પોતાની ઓળખ આપી. એમની વાત સાંભળી - પેલો પત્ર વાંચવા લીધો - પરિવાર વતી માફી માંગીને સ્પષ્ટ કહ્યું જે લેખના આરંભે લખાયું છે. હેમંતે ઉમેર્યું 'વડિલ, અમે તો આપ અને આપનો પરિવાર લખ્યું છે, મતલબ કે આપના કામવાળા - ડ્રાઈવર કે માળીને પણ લાવી શકો, જો એ આપના પરિવારના છે એમ માનતા હો તો... આવી બાલિશતા આપને નથી શોભતી. આપના ગામની ટેક્સીની વ્યવસ્થા કરાવું છું ને કાકીને બોલાવી લઉં છું.'

સ્પષ્ટ - સીધી - વ્યવહારિક વાતની અસર થઈ. આખરે ઘી ઠામમાં ઢળ્યું. સહુને હાશ થઈ અને પ્રસંગ ધામધૂમપૂર્વક ઉજવાયો.

લગ્નસરાની આ મૌસમમાં સહજ સ્મરણ થયું આ ઘટનાનું.

માણસ માત્ર લાગણી-સંવેદનાથી ધબકે છે, એટલે એને માન-અપમાન, પ્રેમ-ગુસ્સો જેવા સંવેદનોની અનુભૂતિ થાય એ સ્વાભાવિક છે.

સામાજિક વ્યવહારોમાં - વિશેષ કરીને લગ્ન પ્રસંગે કે મૃત્યુની ઘટના સમયે 'મને કહ્યું નહિ, આગ્રહ ન કર્યો, માન ન સાચવ્યું, કંકોત્રી ન આપી, વિવેક ન જાળવ્યો જેવી અનુભૂતિઓ સાંભળવા મળે છે. ક્ષણિક રીતે એ સાચી માની લઈએ તો પણ સામેના માણસનો આજ સુધીનો આપણી સાથેનો વ્યવહાર યાદ કરીને એકાદ ભૂલ અજાણતા થઈ હશે એમ માની મોટું મન રાખવું જોઈએ. એમાં પણ યજમાન પોતાની ભૂલ સ્વીકારે અથવા પોતાની લાગણી આમ નહિ પણ આમ હતી એવી ચોખવટ કરે પછી તો સંબંધોનું ગૌરવ જળવાવું જ જોઈએ.

આવા પ્રસંગોએ જેમની સાથે લોહીના નહિ પરંતુ લાગણીના સંબંધો હોય છે એવા પ્રિયજનો - મિત્રોની ભૂમિકા સાચ્ચે જ પરિવારને હૂંફ આપે છે. આવા મિત્રોના કારણે પ્રસંગ કયારે અને કયાં પૂરો થયો તેનો ખ્યાલ પણ નથી રહેતો.'

સંબંધો ક્ષણિક આવેગ કે આવેશના મોહતાજ નથી હોતા. માનવીય સંબંધોમાં જતું કરવાની ભાવના અને સાથે રહીને માણવાની ભાવના કેટલી છે એના પરથી એ સંબંધોનું ગૌરવ પ્રગટ થતું હોય છે ને અજવાળા રેલાયા હોય છે.

તેજપૂંજ :

મિત્ર સાથે બેસવું સહેલું છે.
પણ ઊભા રહેવું અઘરું છે.